**ક્રિ. કેસ નં.૯૮૧/૨૦૨૬**

# ડેડિયાપાડાના મે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. ડેડીયાપાડા.

**ક્રિ.કે.નં. ૯૮૧/૨૦૨૬**
**આંક:-૬**

**ફરીયાદી :- શ્રી સરકાર.**

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી:- અલ્પેશભાઈ દીલીપભાઈ વસાવા,**

રહે. ડેડીયાપાડા, જી. નર્મદા.

**ગુનો:- એમ.વી.એકટની કલમ-૧૮૫ ,૩,૧૮૧ મુજબ...**

**-// ઠ રા વ //-**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ડેડીયાપાડા મુકામે પોતાની વાહન **નં. જી.જે.૧૬.ડીએન.૫૨૮૧** દારૂ પી જાહેર રોડ ઉપર આમતેમ વ્યવસ્થિત નહી ચલાવી દારૂ પીધેલ હાલતમાં પકડાઈ જઈ, **એમ.વી.એકટ-૧૮૫,૩,૧૮૧** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે મતલબની ફરીયાદીએ ડેડીયાપાડા.પો.સ્ટે.માં ફરીયાદ આપતા જરૂરી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધનું ત.ક.અ.એ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૨.**સદર કામનાં આરોપીને સમન્સ કરતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેઓની **પ્લી આંક-૪ રે**કર્ડ કરવામાં આવેલ છે અને તેઓને કેસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયા બાદ આજરોજ આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાની **કબુલાત પુરસીસ આંક-૫ થી** રજુ કરતા આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ પોતાની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવામાં આવેલ છે તેમજ ગુનો કબુલ કરવાથી તેઓને દંડ કે સજા થઈ શકે છે તેવી સમજ પણ આપવામાં આવેલ છે તેમ છતા આરોપી તેઓની સ્વેચ્છાએ અને કોઈના દાબ-દબાણ વગર ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. તેઓ ગરીબવર્ગના અને કુટુંબ કબીલાવાળા માણસ છે અને નિયમિત મુદતે હાજર રહેવામાં તકલીફ પડે છે. જેથી ગુનો કબુલ કરેલ છે અને રહેમ નજર રાખવા દયાની માંગણી કરેલ છે.

**૩.** આ કામે આરોપી સામે જે પ્રકારનો ગુનો નોંધાયેલ છે તે જોવામાં આવે તો **<u>એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧</u>** મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે ગુનાની મહત્તમ તથા લઘુત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામેના ગુનાનાં કામે વ્યાજબી કારણો હોય ત્યારે કાયદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સજા કરતા ઓછી સજા કરી શકાશે. આ કામે આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગના ઈસમ હોય અને તેઓએ તેમની કસુર સ્વેચ્છાએ સ્વીકારી ભવિષ્યે આ પ્રકારે ગુનો નહી કરવા ખાતરી આપેલ છે. આ કામે આરોપી સામે અગાઉ પ્રથમ ગુનો પુરવાર થયેલ હોય અને હાલનો ગુનો બીજો હોય તે બાબતે કોઈ હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપીની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ તેમજ આરોપીની આર્થિક સામાજીક સ્થિતી વગેરે ધ્યાને લેતા આરોપી સંબંધે ખાસ અને પુરતા કારણો જણાયેથી તેને કાયદાથી ઠરાયેલ લઘુત્તમ સજા અને દંડ કરતા ઓછી સજા અને દંડ નામદાર કોર્ટ કરી શકે છે. તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર</u>**ના તેમજ **<u>૨૦૧૩(૨) જી.એલ.આર.૯૭૪, રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા</u>**માં ઠરાવેલું છે. આ સંજોગોને લક્ષમાં રાખતા આરોપીને કઠોર સજા ન કરતા હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતા ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>// હુકમ //</u>

આ કામનાં આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫** અન્વયે **<u>એમ.વી.એકટની કલમ ૧૮૫,૩,૧૮૧</u>** મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૬૦૦/– (અંકે રૂપીયા છસ્સો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ દિન–૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.આ કામે કબજે લીધેલ મુદ્દામાલ વાહન ની માલિકીની ખરાઈ કરી વાહન માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ.ડેડીયાપાડા.**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**ડેડીયાપાડા.**